## જન્મદિને વધામણી



ભાનુબેન ઠક્કર
લાયોનેસ ક્લબ, ગાંધીનગર



જયાબેન એમ પ્રજાપતિ
મો. ૯૯૦૯૦ ૦૬૬૩૩



મુળુભા જે મકવાણા
મો. ૯૪૨૮૮ ૦૫૬૨૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

\- સંપાદક

# રેડિયન્ટ સ્કૂલના વિદ્યાર્થીઓ સ્પોર્ટ્સમાં ઝળક્યા





ગાંધીનગર, તા. ૨૦
સ્કૂલ ઑફ અચીવર, કુડાસણ ખાતે સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઑફ ઈન્ડિયા દ્વારા રોલ બૉલ અને સ્કેટિંગ સ્પર્ધાનું આયોજન ગુરુવાર અને શુક્રવારે કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં સ્કેટિંગ કોચ કાંતિભાઈના માર્ગદર્શન હેઠળ રેડિયન્ટ સ્કૂલના વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોની ટીમે ભાગ લીધો હતો. જે પૈકી આગામી સમયમાં યોજાનાર રાજયકક્ષાની સ્પર્ધા માટે જિલ્લાની ટીમમાં રેડિયન્ટ સ્કૂલના બે વિદ્યાર્થી - ધૈર્ય પરિમલ પટેલ અને પ્રાચી દેવજીભાઈ કાનાણીની પસંદગી કરવામાં આવી છે. ઉપરાંત બ્રિંદ વિશાલકુમાર પટેલે સ્પીટ સ્કેટિંગમાં પ્રથમ સ્થાન હાંસલ કરી સ્કૂલનું નામ રોશન કર્યુ હતું.

સંસ્થાના મૅનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયારા અને કૅમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજાએ ભાગ લેનારા તમામ વિદ્યાર્થીઓને અભિનંદન અને રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામેલા ત્રણ વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી.

### શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા બૅન્ક ઑફ બરોડા ઍપેક્સ ઍકેડેમીના સહયોગથી

# ગોકુળપુરા પ્રાથમિક શાળામાં ચિત્રસ્પર્ધા





ગાંધીનગર, તા. ૨૦
શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ગાંધીનગરના પાદરે કાર્યરત ગોકુળપુરા પ્રાથમિક શાળામાં બૅન્ક ઑફ બરોડા ઍપેક્સ ઍકેડેમીના પૂર્ણ સહયોગથી ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

બૅન્કના ૧૧૧મા વર્ષમાં કુલ ૧૧૧ વિદ્યાર્થીઓનો ચિત્રકામના પુસ્તક તથા કલરના પૅકેટની ભેટ આપવામાં આવી હતી. કલાક ચાલેલી આ સ્પર્ધામાં કુલ ૭ જેટલાં ઈનામ નાયબ જનરલ મૅનેજર પંકજકુમાર જાનીના હસ્તે એનાયત કરવામાં આવ્યાં હતાં. ધોરણ-૧,૨ના વિદ્યાર્થીઓનો નોટબૂક, પૅન્સિલ, રબર ભેટ આપવામાં આવ્યા હતા. ધોરણ-૩થી ૮ના વિદ્યાર્થીઓને સ્કૅચ પૅનનાં પૅકેટ્સ ભેટ આપવામાં આવ્યાં હતાં. એજીએમ રીતિ જાની અને વિનય રાઠીના હસ્તે આ ભેટ એનાયત કરવામાં આવી હતી.

બૅન્કના ચીફ મૅનેજર રમેશ ઐયર તથા બિપીન બ્રહ્મભટ્ટનો પૂર્ણ સહયોગ આ સેવાકાર્ય માટે પ્રાપ્ત થયો હતો. શ્રી ગજાનન સેવા સમિતિના નિખિલ ભટ્ટ, મિલિન્દભાઈ, યોગેશભાઈ અને સ્કૂલનાં શિક્ષકોએ આ ઉમદા કાર્યમાં સહયોગ આપ્યો હતો.

# મોરબીમાં ઘટેલી દુર્ઘટના વિષયે ગુજરાતી ફિલ્મ રિલીઝના આરે



## ‘મચ્છુ’ના માધ્યમથી મોરબીના ગૌરવશાળી ઈતિહાસ અને જળ હોનારતને કચકડે કંડારાશે

વર્ષ ૧૯૭૯માં મોરબી ખાતેનો મચ્છુ ડેમ તૂટવાથી જે જળ હોનારત થઈ હતી, તેને આધારિત એક ગુજરાતી ફિલ્મ ‘મચ્છુ’ રિલીઝ થવા જઈ રહી છે.

૧૧ ઑગષ્ટ, ૧૯૭૯ ને શનિવારે મોરબી ખાતે આ હોનારત થઈ હતી, તેને એક વાર્તાના રૂપમાં પ્રદર્શિત કરવાનો અને લોકોને જે તે સમયે બનેલી ઘટનાઓ તથા મોરબીના ગર્વશીલ ઈતિહાસને કચકડે કંડારવાનો આ ફિલ્મ દ્વારા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

જેઍમડીવી ક્રિસ્ટલ પિક્ચર્સ પ્રા. લિ., ગાંધીનગર દ્વારા નિર્માણ પામી રહેલી આ ફિલ્મ માટે ૧૪૦થી વધારે મોરબીવાસીઓના ઈન્ટર્વ્યૂ તથા બે લાખથી વધારે ફોટોગ્રાફ્સ ઉપરાંત ૬થી વધારે ડૉક્ટરેટની પદવી પ્રાપ્ત ઈતિહાસકારો પાસેથી પ્રાપ્ત માહિતીને આધારભૂત રાખવામાં આવી છે.

ફિલ્મમાં મોરબીની ૧૭મી સદીથી અત્યાર સુધીની એક ઐતિહાસિક સફર વર્ણવવામાં આવી છે. આ વાતમાં અહીંના વંશજો દ્વારા કરવામાં આવેલાં સ્થાપત્યો તથા બાંધકામ વિશે તથા મચ્છુ ડેમનું બાંધકામ મોરબી માટે ભયજનક છે તેવા ઉલ્લેખો છે. સમગ્ર ફિલ્મ પૂર આવ્યાના ૩ દિવસની છે અને આ દુર્ઘટનાને હૂબહૂ વર્ણવવાનો પ્રયાસ ફિલ્મમાં કરવામાં આવ્યો છે. ૭૦૦ જેટલા લોકો આ ફિલ્મના નિર્માણ સાથે જોડાયેલા છે. ફિલ્મ હાલ ગુજરાતી ભાષામાં રજૂ થઈ રહી છે અને તેને અન્ય ૧૭ વૈશ્વિક ભાષાઓનાં સબ ટાઈટલ સાથે રજૂ કરવાના કરાર થઈ રહ્યા છે.

ફિલ્મનો એક ચાર સૅકન્ડનો શૉટ લેવા માટે ૪૫થી ૫૦ દિવસનો સમય લાગ્યો છે. ઑનલાઈન ક્લાઉડ કમ્પ્યુટિંગ સર્વિસ તથા વિદેશના રેન્ડર ફાર્મ્સમાં ફિલ્મના ડેટા પ્રોસેસ કરવામાં આવી રહ્યા છે. લગભગ ૧૪૦ ટીબીથી પણ વધુ ડેટા ભારતમાં તથા વિદેશમાં તૈયાર થઈ રહ્યો છે, જે ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ માટે મોટો કીર્તિમાન છે. ફિલ્મને ટૅકનીકલી મજબૂત બનાવવા માટે અત્યાધુનિક સાઉન્ડ ટૅકનોલૉજી ઍટમૉસનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ફિલ્મમાં કુલ ૬૦થી વધારે ઍફઍક્સના અને ૬૦૦થી વધારે વીઍફઍક્સના શૉટ્સ છે, જે ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં એક સિદ્ધિ છે. ફિલ્મને વૈશ્વિક ૧૪૯થી વધારે ઍવૉર્ડમાં નોમિનેટ કરવામાં આવશે.

ફિલ્મમાં પૂરરાહત કામગીરીને પણ ઉત્કૃષ્ટ રીતે દર્શાવવામાં આવી છે.

# મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા ખાતે બીઓબી સ્થાપના દિવસ ઉજવાયો



મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા ખાતે બૅન્ક ઑફ બરોડા, પેથાપુર શાખા દ્વારા બૅન્કના સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી હતી. મૅનેજર તથા કર્મચારીઓએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને બૅન્કિંગ વિશે જાણકારી આપી હતી અને બાળકો દ્વારા પૂછવામાં આવેલા સવાલોના સંતોષકારક ઉત્તરો પાઠવ્યા હતા. વિદ્યાર્થીઓને બૅન્ક તરફથી ગિફ્ટ પણ આપવામાં આવી હતી. શાળાના ટ્રસ્ટી અને આચાર્ય દ્વારા તેમના પ્રતિ આભારની લાગણી પ્રગટ કરવામાં આવી હતી.

# શ્રી જે બી પ્રાથમિક શાળા દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૦
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળાના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા ગુરુવારે શાળાના પ્રાંગણમાં, સૅક્ટર-૨૨ પોલીસ ચૉકી પરિસરમાં તથા આયુર્વેદિક દવાખાનાના પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. પોલીસ જવાનોએ પણ આ કાર્યમાં બાળકોને સહયોગ આપ્યો હતો. સાથે સાથે વિદ્યાર્થીઓએ પોલીસ સ્ટેશનની નિયમિત કામગીરી અંગે માહિતી પણ પ્રાપ્ત કરી હતી.



વૃક્ષારોપણ કાર્યક્રમ બાદ વિદ્યાર્થીઓએ આયુર્વેદિક દવાખાનાના કર્મચારીઓ સાથે મુલાકાત કરી પ્રાકૃતિક વાતાવરણમાં ફરી વિવિધ ઔષધીય વૃક્ષોનો પરિચય મેળવ્યો હતો અને આયુર્વેદ ચિકિત્સા અંગે પણ માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું. વૃક્ષારોપણના કાર્યક્રમ દરમિયાન સૅક્ટર-૨૨ પોલીસ સ્ટેશન અને આયુર્વેદિક દવાખાનાના તમામ કર્મચારીઓનો સક્રિય સાથ-સહકાર મળ્યો હતો. આચાર્ય નીવાબેન પટેલે તેમના પ્રતિ આભાર અને વિદ્યાર્થીઓ પ્રતિ અભિનંદનની લાગણી વ્યક્ત કરી હતી.

# બાપુ નૉલેજ વિલેજ ખાતે વૃક્ષારોપણ - વિદ્યાર્થીસહાય



ગાંધીનગર, તા. ૨૦
બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસમાં શુક્રવારે વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ટેકનોલોજી, ફાર્મસી, સાયન્સ, કોમર્સ, આયુર્વેદિક વગેરે વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ દ્વારા ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા અને ડિરેક્ટર પ્રૉ. રવીકુમારના માર્ગદર્શન હેઠળ તમામ સંસ્થાના પ્રિન્સિપાલની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સંસ્થાના સામાજિક ઉત્થાન માટેના પ્રયત્નોને વેગવંતા બનાવવા માટે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સુખડી અને નવા સત્ર માટે પુસ્તકો ભેટ ધરવામાં આવ્યાં હતાં. સંસ્થાના દીર્ઘદૃષ્ટા શંકરસિંહ વાઘેલાનો જન્મદિવસ મનાવવાનો અનેરો અભિગમ સાર્થક કરવાના હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

# તાલુકા રસ્સાખેંચ અને જમ્પરોપ સ્પર્ધામાં ચૌધરી વિદ્યાલય ઝળકી

ગાંધીનગર, તા. ૨૦
ગાંધીનગર તાલુકા કક્ષાની અન્ડર ૧૯ રસ્સાખેંચ તથા જમ્પરોપ સ્પર્ધા ગાંધીનગરની જુદી જુદી શાળામાં યોજાઈ ગયેલ .

જેમાં શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની ખેલાડી બેનોએ પ્રથમ ક્રમાંક મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે જેને શાળાના આચાર્યા બેન તથા શાળા પરિવાર હર્ષની લાગણી સાથે સર્વેને શુભેચ્છા પાઠવે છે વિનાક્ષીબેન તથા હેતલબેન જેઓ માર્ગદર્શક શિક્ષકો રહ્યા છે.

# અંગ્રેજીમાં ખૂબ તકલીફ પડે છે, કેવી રીતે સુધારવું?

**કરિયર કોર્નર**
કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ
**હાર્દિક કે. પરીખ**

નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. ‘કરિયર કોર્નર‘ કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે હિમતનગર, દેહગમ અને માણસાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર લાઈક કરી શકો છો: facebook.com/questions.careercorner પર.

**૧. હું હાલમાં ધોરણ ૧૨ કોમર્સમાં અભ્યાસ કરું છું. મારે આગળ હોટેલ મેનેજમેંટનો કોર્સ કરવો છે. શું મારે આ કોર્સ કરવો જોઈએ?**

**- કિશન, ગાંધીનગર**

કિશન તમે ૧૨ કોમર્સમાં અભ્યાસ કરો છો તો તમે ચોક્કસપણે હોટેલ મેનેજમેંટનો કોર્સ કરી શકો છો. આ કોર્સ કરવો જોઈએ કે નહીં એ તમારા રસનો વિષય છે. હા, આ કોર્સ કર્યા પછી તમને હોટેલ સેલ્સ, કૂકિંગ, ફ્રંટ ઓફિસ (હોટેલ રિસેપ્શન) અને હાઉસ કીપીંગ (હોટેલ રખરખાવ) ના વિભાગોમાં જોબ મળી શકે છે. હોટેલ્સ ઉપરાંત તમને સર્વિસ સેક્ટરમાં પણ નોકરી મળી શકે છે. આ ક્ષેત્ર થોડું અલગ છે અને જે વિદ્યાર્થીઓને આ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવી હોય તેમના માટે આ એક ખૂબ સરસ ક્ષેત્ર છે. લોકોમાં હજુ જાગૃતિ ઓછી હોવાથી આ કોર્સ માટેની કોમ્પિટિશન ઓછી છે. આમ અત્યારે આ કોર્સમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓને સારો સ્કોપ અને તે પણ ઓછી પ્રતિસ્પર્ધામાં મળી શકે છે. આ કોર્સ કરવા માટે તમારે પ્રવેશ પરીક્ષા આપવાની હોય છે. તે પરીક્ષાનું નામ છે એન.સી.એચ.એમ.સી.ટી. – જે.ઈ.ઈ. આ પરીક્ષા આપ્યા પછી તમે ભારતની પ્રતિષ્ઠિત એવી ૨૧ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોટેલ મેનેજમેંટમાં (આઈ.એચ.એમ) પ્રવેશ મેળવી શકો છો. સામાન્ય રીતે આ પરીક્ષામાં ગણિત, તાર્કિક (રિજનિંગ), અંગ્રેજી, સામન્ય જ્ઞાન અને સર્વિસ એપ્ટિટ્યૂડના વિષયો પર થી પ્રશ્નો પૂછાય છે. વધુ માહિતી માટે ઈમેલ અથવા વ્હાટ્સએપ કરી શકો છો. શુભકામનાઓ.



**૨. હું ધોરણ ૧૨ સાયન્સમાં અભ્યાસ કરી રહી છું. મારે ધોરણ ૧૨ પછી થતી પ્રવેશ પરીક્ષાઓ જેમ કે આઇ. આઇ. ટી. – જે.ઈ.ઈ. વિગેરે આપવી છે. સાથે મારે આઇ.આઇ.એમ. (આઇ.પી.એમ.)ની પરીક્ષા પણ આપવી છે. હાલ હું ૧૨ સાયન્સના ટ્યૂશન અને જે.ઈ.ઈ.ના ક્લાસ કરી રહી છું. હું અત્યારે થોડું પ્રેશર અનુભવું છું. ટાઈમનું મેનેજમૅંટ કેવી રીતે કરવું તેના વિષે માર્ગદર્શન આપવા વિનંતી.**

**- આયુષી, કલોલ**

આયુષી તમારી તમારા કરિયર વિષેની જાગૃતતા જોઈને ઘણો આનંદ થાય છે. સૌપ્રથમ, તમે જણાવેલી સમસ્યા તમારા એકલાની નથી. તમારા જેવા લાખો વિદ્યાર્થીઓ જે ૧૨માં ધોરણની પરીક્ષા આપી રહ્યા હોય છે તેમને આ જ સવાલ છે. ટાઈમનું મેનેજમૅંટ કેવી રીતે કરવું? આનો જવાબ ખૂબ સરળ છે. અને તે છે “ધ્યેય”. તમારો ધ્યેય નક્કી કરો. તમારે શું કરવું છે કરિયરમાં. શું તમારે ઍંજીનિયર બનવું છે આઈ.આઈ.ટી.માં થી? શું તમારે ૧૨માં પછી આઈ.આઈ.એમ.માં જવું છે? શું તમારે વિદેશ જવું છે? જે પણ તમારો ધ્યેય હોય તે નક્કી કરો. તે નક્કી કર્યા પછી તમારા દિવસનો મોટાભાગનો સમય તમારા ધ્યેય સુધી પોહચવામાં લગાવી દો. સ્કૂલમાં જે ભણાવતા હોય તેના પર ધ્યાન આપો. ત્યાં ભણી લેશો, તો ટ્યૂશનની જરૂર ઓછી પડશે અને તમારો ટાઈમ બચશે. સ્કૂલ સમય સિવાયના સમયમાં તમારા ધ્યેય તરફ આગળ વધો. દરેક વિષય નું પ્લાનિંગ કરો. જેમ કે દિવસનો કેટલો સમય તમે રસાયણ વિજ્ઞાનને આપશો, કેટલો ગણિતને આપશો, અને આવી જ રીતે બધા વિષયો વાંચવાનું એક પ્લાનિંગ કરો. અઠવાડીયામાં કેટલા ચેપ્ટર પૂરા કરશો તેનું પણ પ્લાનિંગ કરો. આવું કરવાથી તમારી તૈયારી એક ચોક્કસ દિશામાં થશે અને તમને તમારા ધ્યેય તરફ આગળ વધારશે. જે પ્લાનિંગ કરો એમાં થોડો સમય અડધો કલાક જેટલો, થોડા-થોડા અંતરે, તમે રિલેક્સ અને ફ્રેશ રહો એના માટે પણ ફાળવજો. અને આ બધા ટાઈમ મેનેજમૅંટનો કોઈ મતલબ નહીં રહે જો તમે તમારા પ્લાનિંગને અમલમાં નહીં મૂકો! એક નિયમ બનાવી લેજો, જ્યાં સુધી દિવસનું નક્કી કરેલું કામ પૂરું ના થાય ત્યાં સુધી મંડ્યા રહેવાનુ. આ રીતે તમારો ટાઈમ ખૂબ સારી રીતે મેનેજ થશે અને તમે તમારા ધ્યેય ને સરળતાથી પ્રાપ્ત કરી શકશો. એટલું જરૂર યાદ રાખજો કે જો તમે મક્કમ હોવ, તો કોઈપણ વસ્તુ અશક્ય નથી અને પ્લાનિંગ સાથે કોઈ પ્રેશર નથી! વધુ માહિતી માટે ઈમેલ અથવા વ્હાટ્સએપ કરી શકો છો. શુભકામનાઓ.



**૩. મે બી.કોમ.નો અભ્યાસ કર્યો છે. હાલ હું સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી રહી છું. અંગ્રેજીમાં ખૂબ તકલીફ પડે છે. અંગ્રેજી કેવી રીતે સુધારવું?**

**- પાયલ, ગાંધીનગર**

પાયલ અંગ્રેજીમાં તકલીફ મોટાભાગના વિદ્યાર્થીઓને થતી હોય છે. સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી અંગ્રેજીની જો વાત કરીયે તો તેમાં મુખ્યત્વે કોમ્પ્રિહેન્શન (ફકરો), ગ્રામર (વ્યાકરણ), શબ્દકોષ, રૂઢિપ્રયોગ અને ખાલી જગ્યાઓ ને લગતા પ્રશ્નો પૂછાતા હોય છે. અંગ્રેજી સુધારવું, તે પણ ટૂક સમયમાં, તે મુશ્કિલ છે પણ અશક્ય નથી.




શરૂઆત કરો રોજ એક કલાક અંગ્રેજી છાપું વાંચવાથી. જે શબ્દોનો અર્થ ખબર ના હોય તેવા શબ્દોનું એક લિસ્ટ બનાવો, તેના સમાનર્થી અને વિરુદ્ધાર્થી લખો. રોજ પ્રેક્ટિસ કરો. આમ કરવાથી તમને ફકરા વાંચવામાં અને શબ્દકોશને લગતા પ્રશ્નોનો જવાબ આપવામાં સરળતા થશે. વ્યાકરણના નિયમોનું લિસ્ટ બનાવો. રોજ વ્યાકરણનો એક ટોપિક તૈયાર કરો.

તદુપરાંત અંગ્રેજીમાં બોલવાની કોશિશ કરો. જે શબ્દો શીખ્યા છો તેને વાપરવાની કોશિશ કરો. આમ કરતાં તમારું અંગ્રેજી ઘણું સારું થયી જશે. યાદ રાખજો, અંગ્રેજી સુધારવું કે કોઈ ભાષા શીખવી એ કોઈ એક દિવસનું કામ નથી. તમારે નિયમિતપણે મહેનત કરવી પડશે. તમે ધારશો તો અંગ્રેજીમાં પૂરા માર્કસ પણ લાવી શકો છો. વધુ માહિતી માટે ઈમેલ અથવા વ્હાટ્સએપ કરી શકો છો. શુભકામનાઓ.

**પ્રતિસાદ (ફિડબેક)**

માનનીય હાર્દિક સર ,
છેલ્લા મહિના થી તમારી કોલમ ‘કેરિયર કોર્નર’ને હુ વાંચું છું . શિક્ષણક્ષેત્ર સાથે જોડાયેલી હોવાથી વિધાર્થી ને થતી મૂંઝવણ સાંભળું છું અને શક્ય તેટલો જવાબ આપવા પ્રયત્ન કરૂં છું પણ હવે તમારી કોલમ વાંચી ત્યારથી લાગે છે કે વિધાર્થી ને ખુબ સુંદર માર્ગદર્શન મળી રહ્યું છે. હું મારા વિધાર્થીઓને પણ આ કોલમ વિષે જાણવું છુ જેથી તેમના પ્રશ્નનો નું પણ સમાધાન તેમને મળી રહે. આમ દરેક પ્રશ્ન્ન નો સચોટ અને કારકિર્દી મય અભિગમ તમે સૂચવો છો માટે ખરેખર રાજીપો થાય છે.



**- ઊર્વી અમીન, આસિ. પ્રોફેસર, એનઆઇસીએમ**

આપના કરિયર ને લગતી મૂંઝવણો અને પ્રશ્નો What’s aap કે Email ધ્વારા પૂછી શકો છો.

ઈmail ID- questions.careercorner@gmail.com

(M) ૮૮ ૪૯ ૨૨ ૧૬ ૫૩,

નોંધ - તમારા પ્રશ્નો સાથે તમારુ નામ,ઉંમર, અભ્યાસ, ઈmail-ID અને મોબાઈલ નંબર લખવો આવશ્યક છે.